# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-08-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN IN DISTRICTS-1

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. જોકે , જુનાગઢ, ગીરસોમનાથ અને દેવભૂમિદ્વારકા સહિત સૌરાષ્ટ્રના કેટલાક દરિયાકાંઠાના જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલા ધોધમાર વરસાદને કારણે જુનાગઢ, ગીરસોમનાથ અને પોરબંદરના કેટલાક ગ્રામીણ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. તેના કારણે આઠ રાજ્ય ધોરીમાર્ગ સહિત 390થી વધુ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે. આ વિસ્તારોમાં જનજીવન પણ ખોરવાઈ ગયું છે. તેમજ જરૂરી સેવાઓને અસર થઈ છે.

અમરેલીના દરિયામાં હજી પણ 70 હોડી ફસાયેલી છે. જિલ્લા કલેક્ટરે કહ્યું , 11 ખલાસી ગઈકાલથી ગુમ છે. દરિયામાં કરન્ટ હોવાથી હૅલિકૉપ્ટર ઉડી શકતા નથી. વાતાવરણ હળવું થતાં જ હૅલિકૉપ્ટર ઉડશે.

દેવભૂમિદ્વારકાનાં કલ્યાણપૂર અને રાવલ પંથકમાં ધોધમાર વરસા દથી જનજીવન ખોરવાયું છે. જ્યારે રાવલ-સુર્યાવદર વચ્ચેના રાજ્ય ધોરીમાર્ગ પર પાણી ફરી વળ્યા છે. રાવલ આસપાસના ખેતરમાં પણ પાણી ભરાતા ખેડૂતોને નુકસાન થયું છે. બીજી તરફ, ભાણવડમાં કિલેશ્વર પર્યટન સ્થળ પર ફરવા આવેલા બે લોકો વરસાદી પાણીમાં ફસાઈ જતા સ્થાનિક તંત્રએ તેમને બચાવી લીધા છે...

ભરૂચમાં સવારથી જ કાળા ડિબાંગ વાદળ વચ્ચે વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. શહેરના સ્ટેશન , કસક સર્કલ, પાંચબત્તિ, સેવાશ્રમ રોડ લિન્ક રોડ , શક્તિનાથ સહિતના વિસ્તારમાં વરસાદના અહેવાલ છે.....1

# RAIN IN DISTRICTS-2

મહીસાગરમાં રાજ્યના ત્રીજા નંબરના કડા ણા બંધમાં 11 હજાર 827 ક્યૂસેક પાણીની આવક નોંધાઈ છે. હાલ આ બંધ તેની ભયજનક સપાટીથી માત્ર સાત ફૂટ દૂર છે. આઠ જિલ્લાની જીવાદોરી સમાન કડાણા બંધ 82 ટકા જેટલો ભરાતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. ઉપરાંત વિરપુર તાલુકામાં ચાર ઇંચ વરસાદને કારણે નદી-નાળા અને તળાવ છલકાઈ ગયા છે. નવા નીરના કારણે લાવેરી નદી બે કાંઠે વહેતી થઈ છે.

ભાવનગરમાં અડધાથી સાત ઇંચ જેટલો વરસાદ થયો છે. આજે સવારે છ વાગ્યા સુધી પૂરા થતાં 24 કલાક સુધીમાં જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયાના અહેવાલ છે.

તાપીમાં ઉકાઈ બંધના ઉપરવાસમાંથી પાણીની આવક યથાવત્ છે. બંધના નવ દરવાજા અને હાઈડ્રો યુનિટ મારફતે તાપી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. બંધમાંથી તાપી નદીમાં પાણી છોડાતા નદી કિનારા લોકોને સાવચેતીના ભાગરૂપે એલર્ટ કરવામાં આવ્યા

. . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 26 તારીખ સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. ત્યારે દેવભૂમિદ્વારકા , પોરબંદર , જુનાગઢ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આજે અત્યંત ભારે વરસાદની શક્યતા છે. માછીમારોને પણ 24 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમિયાન રાજ્યમાં આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 90 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ સવા એક ઇંચ જેટલો વરસાદ અરવલ્લીના મેઘરજ તાલુકામાં થયાનો અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 76 ટકા જેટલો થયો છે.

. . .

# RUSHIKESH PATEL GANDHINAGAR

ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં ખાનગી હૉસ્પિટલમાં કૅન્સર માટેના  તબીબી ઉપકરણ -  ટ્રૂબિમ લિનિયર ઍક્સિલરૅટર  ની ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રી પટેલે આ મશીનની મદદથી કૅન્સરના દર્દીઓના ચોક્સાઈપૂર્વક નિદાન મેળવવામાં સરળતા રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

તેમણે કહ્યું કે, ટ્રૂબિમ 3.0ની વિશેષતા એ છે કે , કૅન્સરની ગાંઠ હોય તે ભાગ સિવાય અન્ય ભાગને રેડિએશન ટ્રિટમેન્ટ દરમિયાન નુકસાન નથી થતું.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

. . . . . . . . . . . . .

# BHIMNATH TRAIN

ભાવનગરમાં યોજાનારા "ભીમનાથ મહાદેવ ધાર્મિક મેળા "ને લઈ ભાવનગર રેલવે મંડળ ત્રણ ટ્રેનની વિશેષ સુવિધા પૂરી પાડશે. ભીમનાથ રેલવેમથક પર ભાવનગર—સાબરમતી—ભાવનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ, ગાંધીધામ—બોટાદ—ગાંધીધામ મેમુ અને ગાંધીધામ —બોટાદ—ગાંધીધામ મેમુ 23 ઑગસ્ટે એક મિનિટની જગ્યાએ બે મિનિટ ઊભી રહેશે.

. . . . . .

# RASTRIYA RAKSHA SHAKTI UNIVERSITY

ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ઇન્ડિયન ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન પહેલ હેઠળ બે અઠવાડિયાનો વિશેષ તાલીમ કાર્યક્રમ શરૂ થયો છે. આ કાર્યક્રમે નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય જોડાણ મેળવ્યું છે અને વિવિધ સરહદો પર મજબૂત સહયોગને પ્રોત્સાહન આપ્યું છે.

માલદીવ્સ, માલાવી, ફીજી, એસ્વાટિની, દક્ષિણ આફ્રિકા, લેસોથો, વેનેઝુએલા, ઘાના અને તાંઝાનિયા સહિત વિવિધ રાષ્ટ્રોના સહભાગીઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. વ્યાપક તાલીમ અભ્યાસક્રમ આધુનિક ફોજદારી ન્યાય પ્રણાલીઓ માટે જરૂરી વિવિધ મહત્વપૂર્ણ વિષયોને આવરી લે છે. જેમાં સિવિલ અને ફોજદારી ટ્રાયલ્સમાં ફોરેન્સિક પુરાવા ,ન્યાયિક વર્તણૂક ,માનવ તસ્કરી ,આંતરરાષ્ટ્રીય સહકાર અને પરસ્પર સહાય જેવા વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ વિશ્વભરમાં ફોજદારી ન્યાય પ્રણાલીને મજબૂત બનાવવા અને વધુ સુરક્ષિત અને સમાન વૈશ્વિક સમાજને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . .

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે પોસ્ટમાસ્ટર જનરલની અમદાવાદની કચેરી ખાતે 10મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે ડાક અદાલત યોજાશે. તેમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળવામાં આવે છે.

આ માટેની ફરિયાદો શ્રી આર. એન. ગાંધી , સહાયક નિદેશક ડાક સેવા ફરિયાદ વિભાગ , પોસ્ટમાસ્ટર જનરલ , અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર , સ્પીડપોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદને 5મી સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. ફરિયાદ સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે. નીતિ વિષયક આધારિત મુદ્દાઓની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે.

. . . . . .